# ભારતીય જનતા પાર્ટી, સુરત મહાનગર

"પંડિત દીનદયાળ ભવન", ભાજપ કાર્યાલય, ઉધના મેઈન રોડ, સુરત–૩૯૪૨૧૦.

પ્રતિ, તા. ૨૬/૧૧/૨૦૧૭

તંત્રીશ્રી,

............................................,

સુરત.

આપશ્રીના સુપ્રસિધ્ધ દૈનીક પત્ર / ચેનલમાં નીચે મુજબનું અખબારી નિવેદન પ્રસિધ્ધ કરશોજી.

લિ.

(વિનોદ જૈન)

મીડિયા કન્વીનર, સુરત

- **GST માં સરળીકરણ બાબતે ટેક્ષ્ટાઈલ ઈન્ડસ્ટ્રીઝના અગ્રણી ઉદ્યોગપતિઓ તથા વેપારીઓએ નાણામંત્રી શ્રી અરૂણ જેટલીજીનું સ્વાગત–સન્માન કરી આભાર વ્યક્ત કર્યો.**
- **ડિપાર્ટમેન્ટ કા ચહેરા દેખના ભી ન પડે ઉસ તરહ કી વ્યવસ્થા બનાના હમારા ધ્યેય હૈ : નાણામંત્રી શ્રી અરૂણ જેટલીજી.**
- **ટેક્ષસેશનની વ્યવસાયિક જનજીવન પર પડતી અસર અમે નાબુદ કરવા માંગીએ છીએ.**
- **સરળતાથી વેપાર કરી શકાય તે માટે વેપારીઓના યોગ્ય સૂચનો આવકાર્ય છે : એક કમીટીની રચના કરવા માટે પણ નાણામંત્રીનું વેપારીઓને સૂચન.**

આયકર વિભાગનો ચહેરો પણ ન જોવો પડે તેવી વ્યવસ્થા કરવાનો સરકારનો મક્કમ નિર્ધાર છે અને એ દિશામાં સરકાર આગળ વધી રહી છે. તેમ સુરત ટેક્ષ્ટાઈલ માર્કેટના અગ્રણી ઉદ્યોગપતિઓ સાથેની મુલાકાત દરમિયાન નાણામંત્રીશ્રી અરૂણ જેટલીજીએ જણાવ્યું હતું.

સુરત ખાતે પધારેલા નાણામંત્રી શ્રી અરૂણ જેટલીજીની ટેક્ષ્ટાઈલ માર્કેટના અગ્રણી ઉદ્યોગપતિઓ સાથે એક બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ટેક્ષ્ટાઈલ માર્કેટના અગ્રણી ઉદ્યોગપતિઓએ GST માં સરળીકરણ કરવા બદલ નાણામંત્રી શ્રી અરૂણ જેટલીજીનો આભાર

વ્યક્ત કરી તેમનું સન્માન કર્યુ હતું. આ ઉપરાંત GST અંગે પોતાના મંતવ્યો રજૂ કર્યા હતા. ટેક્ષટાઈલના અગ્રણી ઉદ્યોગપતિઓના ભવ્ય સન્માનનો સાદર સ્વીકાર કરતા કેન્દ્રિય મંત્રી શ્રી અરૂણ જેટલીજીએ ઉદ્યોગપતિઓને સંબોધન કરતા જણાવ્યું કે ટેક્સેશન બાબતે સરકારનો ઈરાદો ખુબ જ સ્પષ્ટ છે. સરકાર ટેક્ષમાં ખુબ સરળીકરણ કરવા માંગે છે. GST અગાઉ કરદાતાને જુદા–જુદા ૧૭ પ્રકારના ટેક્ષ ભરવા પડતા હતા. સ્ટાન્ડર્ડ ટેક્ષ, વેટ, GST, ટેક્ષ પર ટેક્ષ વિગેરેને મળીને ૩૧.૫ ટકા ટેક્ષ કરદાતાને ભરવો પડતો હતો. પરંતુ મોદી સરકાર ટેક્ષમાં સરળીકરણ ઈચ્છે છે અને એ દિશામાં ખુબ ઝડપથી આગળ વધી રહી છે. "વન નેશન, વન ટેક્ષ" અંતર્ગત હવે શુન્ય થી ૧૮ ટકા જેટલો સ્લેબ થઈ ગયો છે. ફક્ત લક્ઝુરીયસ ચીજ વસ્તુ પર જ ૨૮ ટકા ટેક્ષ છે. જેમ જેમ આવક વધતી જશે તેમ તેમ ટેક્ષમાં હજી પણ ઘટાડો થતો જશે તેમ શ્રી જેટલીજીએ ઉમેર્યુ હતું.

વધુમાં શ્રી જેટલીજીએ જણાવ્યું કે કરદાતાને ડિપાર્ટમેન્ટનો ચહેરો જ જોવો ન પડે તે મુજબની વ્યવસ્થા સરકાર દ્વારા ઉભી કરવામાં આવી રહી છે. તમામ કામ ઓનલાઈન થઈ જાય. જેથી કરદાતાને કોઈ મુશ્કેલી જ ન રહે. આ ઉપરાંત GST બાબતે કોઈ પણ સમસ્યા હોય તો સરકારના દરવાજા ખુલ્લા જ છે. વેપારીઓની સમસ્યા બાબતે તથા સૂચનો બાબતે એક કમીટીની રચના કરવી જોઈએ અને આ કમીટી સમયાંતરે સરકારને રજૂઆત કરે. વેપારીઓને તમામ પ્રકારની મદદ કરવા માટે સરકાર તૈયાર છે. આ કાર્યક્રમમાં કેન્દ્રિય મંત્રી શ્રી ડૉ. જીતેન્દ્રસિંહજી, શ્રી પરિન્દુભાઈ ભગત, સાંસદ શ્રી મનોજ તિવારી, સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશ, સાંસદ શ્રી સી.આર. પાટીલ, શહેર અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાળા સહિતના મહાનુભાવો હાજર રહ્યા હતા. ટેક્ષટાઈલ ઈન્ડસ્ટ્રીઝના વિપુલ દેસાઈ, પ્રદિપ જુનેજા, પાંડેસરા એસોસીએશનના જીતુભાઈ વખારીયા, જે.પી. અગ્રવાલ, સચીન એસોસીએશનના વિનય અગ્રવાલ, વિશાલ બુધિયા, કેમીકલ ઈન્ડસ્ટ્રીઝના વત્સલ નાયક, આનંદ દેસાઈ, ટેક્ષટાઈલ માર્કેટના સાવરમલજી બુધિયા, સુનિલભાઈ જૈન, મનોજ અગ્રવાલ સહિતના અગ્રણી ઉદ્યોગપતિઓ–વેપારીઓ હાજર રહ્યા હતા.